GJVL030002322021

દાખલ તારીખ :- ૧૭/૦૧/૨૦૨૦
રજુ તારીખ :- ૧૭/૦૧/૨૦૨૦
ફેસલ તારીખ :- ૧૭/૦૮/૨૦૨૬
સમય :-દિવસ મહીનો વર્ષ
૦૦ ૦૭ ૦૬

---

**પારડીના મહે.બીજા અધિક જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ**
**તા.પારડી, જી.વલસાડ**

---

ફો. કેસ નં. **૯૩/૨૦૨૦**

આંક :-

<u>ફરીયાદી</u> :- શ્રી સરકાર

વિરુધ્ધ

<u>આરોપી</u> :- (૧) મહાવીર પ્રકાશસિંગ ચૌહાણ
રહે. નરોલી હાઈસ્કુલ ફળીયા, સરકારી હાઈસ્કુલની સામે, સેલવાસ, દાદરા નગર હવેલી

**[આંક-૧ તળે સદર આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુજબનો હુકમ થયેલ છે]**

---

ગુન્હો :- ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ- ૬૫ એઇ, ૯૮(૨), ૮૧ મુજબ.

---

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલ

આરોપી તર્ફે : સી. આર. પી. સી. ૨૯૯ મુજબ હુકમ થયેલ છે....

---

-: ચુકાદો :-

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ,ઇ),૯૮(૨),૮૧ મુજબ તે એવી રીતે કે કોલમ નં-(૧૧) (૧) તથા કોલમ નં-(૧૨) (૧) મા જણાવેલ આરોપીઓએ એકબીજાની મદદગારી થી તા-૨૦/૧૧/૨૦૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન મોજે પારડી વલ્લભ આશ્રમ સ્કુલ સામે ને.હા.નં-૮ રોડ ઉપર તા-પારડી જી.વલસાડ ખાતે કોલમ નં-(૧૨)(૧) માં જણાવેલ આરોપીએ સાહેદ નં-(૭) (રામજીભાઇ કાનજીભાઇ મકવાણા) ના વગર નંબર ના ટાટા ACE ટેમ્પો જેનો ચેચીસ નં-MAT491011G6F08739 G600WIIIS6E8566390 કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- માં કોલમનં (૧૧)(૧) માં જણાવેલ આરોપીએ ભરતીય બનાવટનો વિદેશી દારૂ ની બાટલીઓ કુલ્લે નંગ-૬૩ કિ.રૂ. ૪૧,૫૦૦/- ભરી આપેલ જે પ્રોહી મુદામાલ કોલમ નં(૧૨)(૧) માં જણાવેલ આરોપી વાહતુક કરી લઇ જતા પોલીસ નાકાબંધી દરમ્યાન ટાટા ACE ટેમ્પો કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- તથા પ્રોહી મુદામાલ બાટલીઓ નંગ-૬૩ કિમત રૂપિયા ૪૧,૫૦૦/- તથા એક મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦/- જે મળી કુલ્લે કિમત ૩,૪૨,૦૦૦/-નો મુદામાલ મુકી નાશી જઇ કોલમ નં-(૧૧)(૧)નો આરોપી પાછળ થી પકડાઇ જઇ તથા કોલમ નં-(૧૨)(૧)માં જણાવેલ આરોપી નાહી પકડાઇ ગુનો કર્યા વિગેરે બાબત.

(૨) આ કામના આરોપી વિરૂઘ્ધ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ, સદરહું ગુનાના કામે આરોપી હાજર રહેતા ન હોય, આરોપી ઉપર અવાર-નવાર પકડ વોરંટ કાઢવામાં આવેલ હોય, પરંતુ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી અને તેની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે. તેથી આ તમામ સંજોગોને લક્ષમાં લઈ સી.આર.પી.સી. કલમ-૨૯૯(૧) અન્વયે આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) હાલના કામે તપાસ સંસ્થા દ્વારા કુલ-૦૧ આરોપી વિરૂઘ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ટ્રાયલના તબક્કે આવતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર

નહિ રહેતાં આંક–૦૧ તળે હુકમ કરીને આરોપીની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ કરવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષ તરફ થી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ ૧ રમેશભાઈ ગંગારામ પટેલ ની જુબાની | ૦૩ |
| ૨ | પંચનામું | ૦૪ |
| ૩ | પંચ ૨ સલીમમીયાં અમીરમીયાં શેખની જુબાની | ૦૫ |

(૫) ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ હાલના કામે ફરીયાદ પક્ષ તર્ફે આરોપીઓ વિરૂધ્ધ રજુ પુરાવો દયાને લેતા ક્રિ. પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય જેથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલની દલીલો સાંભળી. જેમાં ફરીયાદ પક્ષે આરોપીઓને મહતમ સજા ફરમાવવા માટેની દલીલો રજુ કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતોને દયાને લેતા કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ,ઈ),૯૮(૨),૮૧ મુજબ તે એવી રીતે કે કોલમ નં–(૧૧) (૧) તથા કોલમ

નં–(૧૨) (૧) મા જણાવેલ આરોપીઓએ એકબીજાની મદદગારી થી તા– ૨૦/૧૧/૨૦૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન મોજે પારડી વલ્લભ આશ્રમ સ્કુલ સામે ને.હા.નં–૮ રોડ ઉપર તા–પારડી જી.વલસાડ ખાતે કોલમ નં–(૧૨)(૧) માં જણાવેલ આરોપીએ સાહેદ નં–(૭) (રામજીભાઈ કાનજીભાઈ મકવાણા) ના વગર નંબર ના ટાટા ACE ટેમ્પો જેનો ચેચીસ નં–MAT491011G6F08739 G600WIIIS6E8566390 કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– માં કોલમનં (૧૧)(૧) માં જણાવેલ આરોપીએ ભરતીય બનાવટનો વિદેશી દારૂ ની બાટલીઓ કુલ્લે નંગ–૬૩ કિ.રૂ. ૪૧,૫૦૦/– ભરી આપેલ જે પ્રોહી મુદામાલ કોલમ નં(૧૨)(૧) માં જણાવેલ આરોપી વાહતુક કરી લઈ જતા પોલીસ નાકાબંધી દરમ્યાન ટાટા ACE ટેમ્પો કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– તથા પ્રોહી મુદામાલ બાટલીઓ નંગ–૬૩ કિમત રૂપિયા ૪૧,૫૦૦/– તથા એક મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦/– જે મળી કુલ્લે કિમત ૩,૪૨,૦૦૦/–નો મુદામાલ મુકી નાશી જઈ કોલમ નં–(૧૧)(૧)નો આરોપી પાછળ થી પકડાઇ જઈ તથા કોલમ નં–(૧૨)(૧)માં જણાવેલ આરોપી નાહી પકડાઇ ગુનો કર્યા વિગેરે બાબત. શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૯)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદદા નં. ૧.નકારમાં.

મુદદા નં. ૨.આખરી હુકમ મુજબ

**:: કા ર ણો ::**

**<u>મુદ્દા નં.૧</u>**

**(૧૦)** હાલના કામે આરોપીઓ સામે આક્ષેપિત ગુનાના તત્વો અનુસંધાને રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,આંક– ૦૩ અને આંક– ૦૫થી રજુ પંચ સાહેદની જુબાની ખુબજ મહત્વ ધરાવે છે અને હાલના કેસની હકીકતો અંગેના સ્વતંત્ર સાહેદ છે, પરંતુ હાલના કામે તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓ હાલના કામે આંક– ૦૪ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી સીવાય પં

ચનામામાં રહેલ કોઈ હકીકતોને સમર્થન આપતી જુબાની તેઓએ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી.

(૧૧)ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો,સં જોગો તથા રેકર્ડ દયાને લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનુ તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિદ્ધાંત મુજબ આરોપીને મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપી હકદાર થતા હોવાનુ અત્રેની અદાલતનુ નમ્ર પણે માનવુ છે.

(૧૨) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યકિતઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શકયા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શકયા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. આમ તમામ હકીકતો દયાને રાખતા આરોપીઓ વિરુદઘનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે. જેથી તેનો લાભ આરોપીને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદદા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૩) આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી. હાલના કામે તપાસ સંસ્થા દ્વારા કુલ–૦૧ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ચાલી જતા અને કેસ ચુકાદાના તબક્કે આવતા આરોપીઓ અત્રેની કોર્ટમાં નિયમિત હાજર નહિ રહેતા આંક–૦૧ તળે હુકમ કરીને આરોપીની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હતો.

હાલના કામે આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું ન હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩ (૬) તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં.સી.૧૬૧૮/૧૬ ને ધ્યાને લઇને, આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આરોપી મહાવીર પ્રકાશસિંગ ચૌહાણ નાઓને ક્રિ.પો.કો.કલમ–૨૪૮(૧)અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એઇ, ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનો ચુકાદો,ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૫૩(૬) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. (શરદ જેઠાલાલ સાવલા વિરુદ્દ્ય સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નંબર ૯૮૬૨/૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૧૬૧૮/૨૦૧૬,તા. ૦૫/૦૭/૨૦૧૬.)

(૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

(૪) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ ટાટા ACE ટેમ્પો જેનો ચેચીસ નં– MAT491011G6F08739 G600WIIIS6E8566390 અને એક મોબાઈલ અંગે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે અન્યથા તેના મુળ માલીકની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવા નો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૭, માહે ઓગસ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ : ૧૭/૦૮ /૨૦૨૬**
**સ્થળ : પારડી**

**(પાર્વતી દેવરામભાઈ મોકરીયા)**
બીજા અધિક જ્યુડી. મેજી.ફર્સ્ટ ક્લાસ
તા. પારડી, જી. વલસાડ
**CODE NO.GJ 01743**